અપીલ અરજી નં. ૫૬૨ તા.૧૭–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળ :– ૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)
૨. ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)
૩. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કતારગામ હેલ્થ સેન્ટરમાં ડોકટરો, નર્સો, આયા, વોર્ડબોય, કમ્પાઉન્ડર અને બેલદારો પ્યુન તથા તમામ સ્ટાફના નામ, પોસ્ટ, કર્મચારી નંબર અને કુલ સંખ્યાની માહિતીની નકલ આપવા વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૨/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કતારગામ હેલ્થ સેન્ટરમાં ડોકટરો, નર્સો, આયા, વોર્ડબોય, કમ્પાઉન્ડર અને બેલદારો પ્યુન તથા તમામ સ્ટાફના નામ, પોસ્ટ, કર્મચારી નંબર અને કુલ સંખ્યાની માહિતીની નકલ આપવા વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/નં.૫૫૨૦,૫૮૦૬ તથા અનુક્રમે તા. ૧૭–૧૧–૧૧, તા.૨૯–૧૧–૧૧ તથા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ઈએસટી /૨૭૬૫ તા. ૧૮–૧૧–૧૧ અને ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય વિભાગ) ના પત્ર નં. પીએચડી/પીઓ/ આરટીઆઈ/૨૮ તા. ૨૩–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને અરજદારે રૂ.૪/– ફી ભરપાઈ કયારે કરી અને અરજદારને માહિતી કયારે આપી તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૯૩ તા.૨૭–૧–૧૨ થી ૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) , ૨. ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ), ૩. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને એડી.સીટી. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પ્રતિભાવ અંગે દિન–૩૨ના, પી.ઓ. અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પ્રતિભાવ અંગે દિન–૩૧ના તથા ઈ.ચા.પી.ઓ. અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)ના પ્રતિભાવ અંગે દિન–૨૫ના વિલંબીત સમય માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ધ્વારા માહિતી તા.૧૭–૧૧–૧૧, ૨૯–૧૧–૧૧,અને ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)ના તા. ૨૩–૧૧–૧૧ના રોજ આપવા છતાં કઈ બાબતે શું નારાજગી છે ? તે જાહેર માહિતી અધિકારીદીઠ, મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૨૭ તા.૧–૨–૧૨ થી નોંધ વિભાગ, કાર્યપાલક ઈજનેર નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસર (આરોગ્ય) તથા પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/જાવક/૧૩૯૯ તા.૨૫–૧૦–૧૧/ ૧–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર (કતારગામ ઝોન)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૫ તા.૧૮–૧૧–૧૧ થી અરજદારને રૂબરૂ ઈન્સ્પેકશન માટે તથા નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા માટે પાઠવેલ પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૬ તા.૨–૨–૧૨ થી નોંધ વિભાગ, કાર્યપાલક ઈજનેર નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસર (આરોગ્ય) તથા પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૯૯ તા.૨૫–૧૦–૧૧, ૧–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર (કતારગામ ઝોન)ને નિયત સમય અવધિ બાદ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, આરોગ્ય અધિકારી કતારગામ ઝોન તરફથી તેમના પત્ર નં.પીએચડી/આ./૪૬ તા.૨–૨–૧૨ થી તા.૧૮–૧૧–૧૧ થી માહિતી અંગે થયેલ રીપોર્ટની નકલ, પત્ર નં. પીએચડી /પીઓ/આરટીઆઈ/૨૮ તા.૨૩–૧૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં. નોર્થઝોન/આ./૭૮૨૨ તા.૭–૨–૧૨ થી નોંધ વિભાગ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૯૯ તા.૨૫–૧૦–૧૧/ ૧–૧૧–૧૧ થી

તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસર (આરોગ્ય) તથા પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૧૬૨ તા.૩૦–૯–૧૧ થી તા.૨૮–૯–૧૧ ની અરજી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની તા.૨૮–૯–૧૧ ની મુળ અરજીની નકલ, નં.એન.ઝેડ/ આઉટ/ ૫૫૨૦ તા.૧૭–૧૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, નં.એન.ઝેડ/આઉટ/૫૮૦૬ તા.૨૯–૧૧–૧૧ થી અરજદારને નાણાં ભરી માહિતી લઈ જવા માટે પાઠવેલ યાદપત્ર–૧ ની નકલ, અરજદારે તા.૩–૧૨–૧૧ ના રોજ રૂા.૪/– ફી ભર્યાની વિગત,નં.એન.ઝેડ/ આઉટ/ ૬૧૨૬ તા.૧૩–૧૨–૧૧ ના પત્રથી અરજદારને નકલ નંગ–૨ આપ્યા અંગેની જાણ કરતા પત્રની નકલ, અરજદારે તા.૧૩–૧૨–૧૧ થી પત્ર સ્વીકાર્યા અંગેની ટપાલ બુકની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૨ ના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૯૯ તા.૨૫–૧૦–૧૧/ ૧–૧૧–૧૧ થી સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર કતારગામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસર (આરોગ્ય) તથા પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) વિભાગને તબદીલ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૫ તા.૧૮–૧૧–૧૧ થી અરજદારને રૂબરૂ ઈન્સ્પેકશન માટે તથા નાણાં ભરપાઈ કરી અથવા ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા સમય અવધિમાં જણાવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) તરફથી પત્ર નં. પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૨૮ તા.૨૩–૧૧–૧૧ થી અરજદારને સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી નં.એન.ઝેડ/ આઉટ/ ૫૫૨૦ તા.૧૭–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) કતારગામ હેલ્થ સેન્ટરમાં ડોકટરો, નર્સો, આયા, વોર્ડબોય, કંપાઉન્ડર અને બેલદારો તથા પ્યુન તમામ સ્ટાફના નામ, પોસ્ટ કર્મચારી નંબર અને કુલ સંખ્યાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસરશ્રી (આરોગ્ય) ને તબદીલ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી આરોગ્ય અધિકારી તરફથી કતારગામ હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા ડોકટરો, નર્સો,આયા, વોર્ડબોય,કંપાઉન્ડર, બેલદાર તથા પ્યુન તમામ સ્ટાફની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | અધિકારી/ કર્મચારીનું નામ | કર્મચારી નંબર | હોદ્દો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ડો.આશિષભાઈ ટી. ચૌધરી | ૩૬૧૨૩ | જુની.મેડીકલ ઓફિસર | |
| ૨. | ડો.ચેતનાબેન કે. કોન્ટ્રાકટર | ૩૪૮૦૯ | જુની.મેડીકલઓફિસર | |
| ૩. | ડો.એકતા આર. ખત્રી | ૩૫૪૮૩ | લેડી.મેડીકલ ઓફિસર | |
| ૪. | ડો.દિપક ટી. રાણા | | માનદ ફીઝીશીયન | |
| ૫. | ડો.વિવેક આર. પટેલ | | માનદ ગાયનેકોલોજીસ્ટ | |
| ૬. | શ્રી કેતન બી. પટેલ | ૮૨૩૬૯ | કલાર્ક કમ કંપા.આસી. | |
| ૭. | શ્રી સુદામાભાઈ ડી. કોલી | ૩૯૧૦૬ | કલાર્ક કમ કંપા.આસી. | |
| ૮. | શ્રીમતિ એડનાબેન વી. પટેલ | ૮૦૪૫૪ | નર્સ (એ.એન.એમ.) | સીંગણપોર અ.હે.સે.માં ફરજ |
| ૯. | શ્રીમતિ પદમાબેન એ. ગાંધી | ૩૪૯૫૯ | નર્સ (એ.એન.એમ.) | |
| ૧૦. | શ્રી જયેશભાઈ આર. કંથારીયા | ૧૬૪૮૩ | વોર્ડ બોય | |
| ૧૧ | શ્રી મુકેશભાઈ એ. સુરતી | ૩૧૦૨૬ | સફાઈ કામદાર | |
| ૧૨. | શ્રી પાલજીભાઈ ડી. કાનપરીયા | ૯૦૩૮ | બેલદાર કમ માળી | |
| ૧૩. | શ્રીમતિ લીલાબેન એમ. માહલા | ૩૩૯૧૮ | આયા | |
| ૧૪. | શ્રી મણીબેન એમ. વાઘેલા | ૧૨૧૫૨ | આયા | |
| ૧૫. | શ્રી હેતલ એમ. પટેલ | | નર્સ(એ.એન.એમ.) | આર.સી.એચ.પ્રોજેકટ હેઠળ ફરજ |
| ૧૬. | શ્રી મનિષા આઈ. પટેલ | | નર્સ(એ.એન.એમ.) | આર.સી.એચ.પ્રોજેકટ હેઠળ ફરજ |

મુદ્દા નં.(૨) સદર હેલ્થ સેન્ટરમાં અમુક કર્મચારી એસ.એમ.સી એ ફાળવેલ વર્દી પહેરતા નથી અને ફકત હાજરી પુરાવી બીજા અન્ય ધંધા અર્થે રફુચકકર થઈ જાય છે. જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસરશ્રી (આરોગ્ય) ને તબદીલ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી આરોગ્ય અધિકારી તરફથી " કતારગામ અર્બન હેલ્થ સેન્ટરમાં કર્મચારીઓ તેઓને ફાળવેલ યુનિફોર્મમાં ફરજ બજાવે છે. સ્ટાફ ફિલ્ડ ડયુટી તેમજ સેન્ટર પરથી ફરજ પણ નિયમિત બજાવે છે." તેવુ સમય અવધિમાં જણાવેલ.

મુદ્દા નં.(૩) નોર્થઝોન કચેરીમાં પ્યુનની, બેલદારો પાસે પ્યુન તરીકેનું કામ લેવામાં આવે છે તેની નામ, કર્મચારી, પોસ્ટ સહીતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી નોર્થઝોન (કતારગામ) કચેરી ખાતે ફરજ બજાવતા બેલદારોની વિગત. (૧) શ્રી રામસીંગ વીરજી (કર્મ. નં.૬૦૯૫) (૨) શ્રી જીવણભાઈ દેવજીભાઈ વાઢેળ (કર્મ.નં.૧૭૮૬૨) (૩) શ્રી કેશવભાઈ લાખાભાઈ ધારૈયા (કર્મ. નં.૧૪૮૨૮), (૪) શ્રી દેવજીભાઈ માવજીભાઈ સોલંકી (કર્મ.નં.૧૮૧૧૯), (૫) શ્રી અરવિંદભાઈ રામજીભાઈ ગાંભવા(કર્મ.નં.૧૮૭૨૫), (૬) શ્રી મુકેશભાઈ એમ. કલીવડા (કર્મ.નં. ૩૫૭૨૫), (૭) શ્રી જીજ્ઞેશભાઈ જી. પટેલ. (કર્મ. નં.૩૬૦૨૮) તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૪) નોર્થઝોન કચેરીમાં ફરજ બજાવતા ત્રણ વર્ષથી વધારે ફરજ બજાવેલ કર્મચારીનું નામ પોસ્ટ અને કર્મચારી નંબર સહીતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૫૨૨૬
તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તરફથી સદર માહિતી માટે (પાના નંગ ૨૧ × ૨) રૂા.૪૨/– ભરપાઈ કરી મેળવી શકશો. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૫) નોર્થઝોનમાં રોસ્ટર પ્રમાણેની ઓફીસ સ્ટાફની નામ, પોસ્ટ કર્મચારી નંબર અને જાતી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૫૨૨૬ તા.૨–૧૧–૧૧ થી પર્સોનલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તરફથી માંગ્યા મુજબની રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી. પરંતુ મહાનગરપાલિકાની જુદી જુદી પોસ્ટનું કેન્દ્રીય ધોરણે રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં આવે છે. ફકત તેની નકલની જરૂર હોય તો (પાના નંગ૮૩૫×૨) ના કુલ રૂા.૧૬૭૦/– ભરપાઈ કર્યેથી મેળવી શકશો. અથવા તેની માહિતી કોમ્પ્યુટર ડિસ્ક(સીડી) માં જોઈતી હોય તો સીડી દીઠ રૂા.૫૦/– ભરપાઈ કર્યેથી મેળવી શકશો. તેવુ સમય અવધિમાં જણાવેલ.

મુદ્દા નં. (૬) અમો અરજદારની તા.૩૦–૯–૧૧ ની નમુનો 'ક' ની અરજી આઈ.ડી. નં.૩૭૫ ની નકલ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી તા.૩૦–૯–૧૧ ના રોજ આઈ.ડી. નં.૩૭૫ નોર્થઝોન (કતારગામ) અને નોંધાયેલ અરજીની નકલ મેળવવા નકલ દીઠ રૂા. ૨/– લેખે નકલના રૂા.૪/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે. તેવુ સમય અવધિમાં જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/ નં.૫૫૨૦,૫૮૦૬ તથા ૬૪૯૦ અનુક્રમે તા. ૧૭–૧૧–૧૧, તા.૨૯–૧૧–૧૧ તથા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ઈએસટી/૨૭૬૫ તા. ૧૮–૧૧–૧૧ અને ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય વિભાગ) ના પત્ર નં. પીએચડી/પીઓ/ આરટીઆઈ /૨૮ તા. ૨૩–૧૧–૧૧થી મળ ેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે અરજદારે જાહેર માહિતી અધિકારી નોર્થઝોને તા.૧૭–૧૧–૧૧ ના પત્રમાં મુદ્દા નં.૩ ની માહિતી અપેલ હોવાનું જણાવેલ. બાકીના મુદ્દા નં.૧,૨,૪,૫,૬ નોર્થઝોનને સ્પર્શતા ન હોય તેમણે અરજી તબદીલ કરવાની જરૂરત નથી તેમ છતાં પી.ઓ. મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ અને રૂા. ૬/– ફી ભરવાનું જણાવેલ. તેવી રજુઆત બાબતે જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના તા.૭–૨–૧૨ ના પુરક પત્રમાં પત્ર નં.એન.ઝેડ/આ./૫૫૨૦ તા.૧૭–૧૧–૧૧ થી અરજદારને મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવેલ તથા મુદ્દા નં.૬ ની માહિતી માટે દસ્તાવેજી ફી ભરપાઈ કરવા જણાવવામાં આવેલ. તથા પત્ર નં.એન.ઝેડ/આ.૫૮૦૬ તા.૨૯–૧૧–૧૧ થી મુદ્દા નં.૬ ની માહિતી માટે દસ્તાવેજી ફી ભરપાઈ કરવા યાદપત્ર–૧ પાઠવવામાં આવેલ. જે અન્વયે અરજદાર. તા.૩–૧૨–૧૧ ના રોજ ર.નં.૯૨૮૯૯ થી દસ્તાવેજી ફી રૂા.૪/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કરવામાં આવેલ. જે અંગે કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૬૧૨૬ તા.૧૩–૧૨–૧૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ. તેવુ જણાવેલ.

અરજદારે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના તા.૧૮–૧૧–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૫ થી નમુના 'ખ' માં અરજદારને બોગસ ફી રૂા.૧૭૧૨/– જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી છટકબારી શોધવા માટે માહિતીની નકલના બોગસ પાના નંગની સંખ્યા અને ફી જણાવવામાં હોંશિયાર છે. માલ વેચવો નહિં એટલે વધારે કિંમત બતાવી ગ્રાહકને ભગાડી દેવાનો નુસ્ખો સારી રીતે જાણે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના તા.૧–૨–૧૨ ના પુરક પત્રમાં તા.૧૮–૧૧–૧૧ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૫ થી જરૂરી ફી ભરી નકલો મેળવવા અથવા રૂબરૂ ઈન્સ્પેકશન કરવા ઈચ્છુક હોય તો તા.૧૯–૧૧–૧૧ ના રોજ બપોરે ૩.૩૦ થી ૪–૩૦ કલાક દરમ્યાન રૂબરૂ હાજર રહેવાનું સૂચિત કરવામાં આવેલ. વધુમાં મુદ્દા નં.૪ ની માહિતી માટે નકલ ફી રૂા.૪૨/– તથા મુદ્દા નં.૫ માટે નકલ ફી રૂા.૧૬૭૦/– આમ કુલ મળી રૂા.૧૭૧૨/– નિયમાનુસારની ફી ભરી મેળવી શકશો તેવુ સુચિત કરવામાં આવેલ. પરંતુ અરજદારે આજદિન સુધી જરૂરી ફી પણ ભરી નથી તેમજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે હાજર રહયા નથી કે તે અંગેની અત્રે જાણ કરવાની તસ્દી પણ લીધી નથી. આમ અરજદારે આક્ષેપાત્મક વલણ દર્શાવેલ છે. તેવુ જણાવેલ છે.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૯૩ તા.૨૭–૧–૧૨ થી એડી.સીટી. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પ્રતિભાવ અંગે દિન–૩૨ના, પી.ઓ. અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પ્રતિભાવ અંગે દિન–૩૧ના તથા ઈ.ચા.પી.ઓ. અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)ના પ્રતિભાવ અંગે દિન–૨૫ના વિલંબીત સમય માટે આપને આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ધ્વારા માહિતી તા.૧૭–૧૧–૧૧, ૨૯–૧૧–૧૧, અને ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)ના તા. ૨૩–૧૧–૧૧ના રોજ આપવા છતાં કઈ બાબતે શું નારાજગી છે ? તે જાહેર માહિતી અધિકારીદીઠ, મુદ્દાવારા આધાર સહ સ્પષ્ટ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ જણાવવા પત્ર પાઠવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી જણાવેલ નકલ ફીના રૂા.૪/– તા.૩–૧૨–૧૧ ના રોજ ભરી દીધેલ હોવા છતાં આજ રોજ સુધી માહિતીની નકલ પુરી પાડેલ નથી. તા.૫–૨–૧૨ ના પત્રથી કતારગામ ઝોનના દિન–૩૨, પી.ઓ. (મધ્યસ્થ મહેકમ)ના દિન–૩૧, ઈ.ચા. પી.ઓ. (આરોગ્ય) ના દિન–૨૫ વિલંબીત એ શું કામ જણાવેલ છે? તેની અરજદારને ખબર જ પડતી નથી. તથા અરજદારે તા.૧૭–૧–૧૨ ની પ્રથમ અપીલ અરજીમાં આવુ કશું લેખિત કે મૌખિક જણાવેલ નથી. તમો શા માટે વિલંબીત દિનનો ઉપયોગ અરજદારને જણાવો છો? જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમની તા.૨૮–૧૧–૧૧ પત્ર નં.૨૭૬૫ થી જે બોગસ ફી જણાવી અરજદારને ગેરમાર્ગે દોરી રહયા છે.

તથા સદર પત્રમાં ઉપરોકત વિલંબીત દિન જણાવી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહયા છો. તેવુ જણાવેલ. પરંતુ વિલંબિત સમય માટે કોઈ વાજબીપણું જણાવેલ નથી.

જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી અરજદારને નાણાં ભરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે અત્રેથી પાઠવવામાં આવેલ પત્રનં.આરટીઆઈ સેલ/ ૧૫૯૩ તા.૨૭–૧–૧૨ ના પત્ર સંદર્ભે તા.૭–૨–૧૨ થી મળેલ પત્ર માં નકલ નહીં મળ્યાની રજુઆત કરેલ છે. જયારે અપીલમાં તેની સાથે જોડાણ નકલમાં માહિતી અસત્ય હોવાનુ જણાવેલ છે. આથી જો તે અસત્ય જણાવેલ હોય તો માહિતીની નકલ મળ્યાનું અનુમાન કરી શકાય જેથી આ બાબતે અરજદાર સ્પષ્ટ નથી.

અત્રે એપણ સુચક છે કે જાહેર માહિતી અધિકારી એ મોકલેલ નકલ બજવણીની ટપાલ પોથીમાં તા.૧૩–૧૨–૧૧ ના રોજ અરજદારે માહિતી મળ્યા અલગ હસ્તાક્ષર કર્યાની નકલ રજુ કરેલ જોતાં આ માહિતી અરજદારને મળેલ સ્પષ્ટ થાય છે. અરજદારની માત્ર નકલ નહીં મળ્યાની રજુઆત હોઈ કલમ ૭(૧) અને ૭(૩) સંદર્ભે વિશેષ કોઈ ટીપ્પણી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૧–૧૨ ધ્યાને લેતાં ૧૫–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૫–૧૦–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી મુદૃા નં.૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તરફથી જરૂરી ફી ભરી નકલો CD સ્વરૂપમાં ઉપલબ્ધ વિકલ્પ સહિત મેળવવા અથવા વિકલ્પરૂપે રૂબરૂ ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા સમય અવધિમાં પ્રસ્તાવ કરેલ છે. જે અનુસાર અરજદાર ઈચ્છુક હોય તો માહિતી મેળવવા સ્વતંત્ર છો."

અરજદારની અપીલ અંગે ગુણદોષ પર વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) ૨. ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) ૩. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ એન.બથવાર,